"Digital Gujarat SevaSetu" હેઠળ રેશનકાર્ડને લગતી સેવાઓ ગ્રામ્ય કક્ષાએ ઇ-ગ્રામ વિશ્વગ્રામ દ્વારા પૂરી પાડવામાં બાબત.

ગુજરાત સરકાર
પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ
ઠરાવ ક્રમાંક : આઇટીપી /૧૦/૨૦૧૯/૧૮૮૧૦૨/આઇટી
સચિવાલય, ગાંધીનગર.
તા. ૦૮/૦૬/૨૦૨૧

વંચાણે લીધા:-

સંદર્ભ:-[૧] આ વિભાગનો તા. ૧૯/૧૨/૨૦૧૯ નો ઠરાવ ક્રમાંક:CSP/10/2019/585278/IT
[૨] આ વિભાગનો તા. ૦૭/૧૦/૨૦૨૦ નો ઠરાવ ક્રમાંક:આઇટીપી/૧૦/૨૦૧૯૧૮૮૧૦૨/આઇટી
[૩] આ વિભાગનો તા. ૨૪/૧૧/૨૦૨૦ નો પત્ર ક્રમાંક:આઇટીપી/૧૦/૨૦૧૯૧૮૮૧૦૨/આઇટી
[૪] અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રા. બા. વિભાગનો તા. ૧૨/૦૫/૨૦૨૧ નો ઠરાવ ક્રમાંક: કટક/૧૦૨૦૨૦/૩૨૬૫/ક

આમુખ:-

ગુજરાત સરકારના www.digitalgujarat.gov.in સેવાઓ પૈકી પંચાયત ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ દ્વારા નીચે મુજબની સેવાને ઇ-ગ્રામ વિશ્વગ્રામ સોસાયટી સાથે સંલગ્ન ગ્રામ કોમ્પ્યુટર સાહસિક (Village Computer Entrepreneur) દ્વારા ઇ-ગ્રામ વિશ્વગ્રામ સેન્ટર પરથી પૂરી પાડવા અંગે સંદર્ભ-૧ અને ૨ ના ઠરાવથી નિર્ણય કરવામાં આવેલ.

- રેશન કાર્ડમાંથી નામ રદ્દ કરવું.
- રેશન કાર્ડમાં નામ ઉમેરવું.
- રેશન કાર્ડમાં નામનો સુધારો કરવો
- રેશન કાર્ડમાં એડ્રેસ સુધારો કરવો
- રેશન કાર્ડ ધારકધારકના પાલક/ગાર્ડિયનની નિમણૂંક માટેની અરજી
- ડુપ્લીકેટ રેશનકાર્ડ મેળવવા માટે

સંદર્ભ -૧ અને સંદર્ભ-૨ માં દર્શાવેલ ઠરાવોથી 'Digital Gujarat Seva Setu''હેઠળ, જે તે વહીવટી વિભાગે નિયત કાર્યપધ્ધતિ બહાર પાડવાની થતી હોઇ અત્રેના સંદર્ભ૩ ના પત્રથી અન્ન, નાગરિક પુરવઠા વિભાગને તે વિભાગની ડીજીટલ ગુજરાત સેવા હેઠળની સેવા માટે નિયત કાર્યપધ્ધિત અંગે સૂચના બહાર પાડવા જણાવવામાં આવેલ.

અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક બાબતો વિભાગ દ્વારા સંદર્ભ-૪ ના ઠરાવથી રેશનકાર્ડને લગતી સેવાઓ માટે નિયત કાર્યપધ્ધતિ (SOP) નિયત કરવામાં આવેલ હોઇ, હવે આ વિભાગના સંદર્ભ-૧ અને ૨ ના ઠરાવોનું તા. ૧૨/૦૫/૨૦૨૧ થી મહત્વ રહેતું નથી જેથી રદ્દ કરવાના થાય છે.

ઠરાવ:-

ગુજરાત સરકારના www.digitalgujarat.gov.in દ્વારા આપવામાં આવતી રેશનકાર્ડની સેવાઓ માટે અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક બાબતોનો વિભાગ દ્વારા સંદર્ભ-૪ માં દર્શાવેલતા.૧૨/૦૫/૨૦૨૧ ના ઠરાવથી રેશનકાર્ડ સંબંધિત કાર્યવાહી ઇ-ગ્રામ મારફતે કઇ રીતે કરવી તે અંગે standard operating procedure ( SOP) ની સૂચનાઓ બહાર પાડવામાં આવેલ છે. આથી સંદર્ભ-૧ અને સંદર્ભ-૨ માં દર્શાવેલ આ વિભાગના આ બન્ને ઠરાવો તા. ૧૨/૦૫/૨૦૨૧ થી રદ્દ કરવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(કે. જે. શાહ)
ઉપસચિવ [આઇટી]
પંચાયત, ગ્રા.ગૃ.નિ. અને ગ્રા.વિ. વિભાગ

પ્રતિ,

- અધિક મુખ્ય સચિવશ્રી, મહેસૂલ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્યસચિવશ્રી(પંચાયત) ના અંગત સચિવશ્રી, પંચાયત, ગ્રા. ગૃ .નિ. અને ગ્રા.વિ. વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, અન્ન, નાગરીક પુરવઠા અને ગ્રાહક બાબતોનો વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- વિકાસ કમિશનરશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- નિયામકશ્રી,અન્ન અને નાગરિક પુરવઠા ગાંધીનગર.
- તમામ કલેક્ટરશ્રીઓ, ગુજરાત રાજ્ય.
- તમામ જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ, ગુજરાત રાજ્ય.(વિકાસ કમિશ્નરશ્રી મારફત)
- તમામ જિલ્લા પુરવઠા અધિકારીશ્રીઓ.
- પ્રોજેક્ટ મેનેજરશ્રી, ઇ-ગ્રામ વિશ્વગ્રામ સોસાયટી, બ્લોક નં.૮, બીજો માળ, સચિવાલય, ગાંધીનગર.
- SIO, NIC, બ્લોક નં. ૧૩, બીજો માળ, નવા સચિવાલય, ગાંધીનગર.
- સેક્શન અધિકારીશ્રી, ‘ ક ‘ શાખા , અન્ન, નાગરીક પુરવઠા અને ગ્રાહક બાબતોનો વિભાગ, સચિવાલય, ગાંધીનગર સંદર્ભ-૪ અન્વયે જણ સારૂ.
- સીસ્ટમ મેનેજરશ્રી, પંચાયત ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામવિકાસ વિભાગ, વિભાગની વેબસાઇટમાં મૂકવાની વિનંતીસહ.
- શાખા સિલેક્ટ ફાઇલ.